## પત્રક ભાગ–૩

## પંદરમી ગુજરાત વિધાનસભા

# શુક્રવાર, તા.૪થી એપ્રિલ, ૨૦૨૫

### ૨૧૫.જાહેર સાહસો માટેની સમિતિની બેઠક:

જાહેર સાહસો માટેની સમિતિની બેઠક, મંગળવાર, તા.૨૧/૧/૨૦૨૫ના રોજ મળી હતી.

સમિતિની આ બેઠકની શરૂઆતમાં પંદરમી ગુજરાત વિધાનસભાના પહેલા અહેવાલમાં સમાવિષ્ટ **વન અને પર્યાવરણ વિભાગ** હસ્તકના **ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ**ના ભલામણ **ફકરા ક્રમાંક: ૫** સંબંધમાં ગાંડા બાવળમાંથી કોલસો બનાવવાની નીતિ–૨૦૨૪ સંબંધમાં સમિતિ સમક્ષ નિગમ દ્વારા પ્રેઝન્ટેશન સહ સમજૂતી આપવામાં આવેલ જે અંતર્ગત સમિતિએ કરેલ સૂચનોને આમેજ કર્યા બાદની નીતિ સમિતિને મોકલી આપવાનું જણાવી સમિતિએ કેટલાક સૂચનો કરીને તપાસ પૂર્ણ કરી હતી. ત્યારબાદ ચૌદમી ગુજરાત વિધાનસભાના ઓગણીસમા અહેવાલમાં સમાવિષ્ટ **ઉદ્યોગ અને ખાણ વિભાગ** હસ્તકના **ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ**ના ભલામણ **ફકરા ક્રમાંક: ૨૨ અને ૨૭** સંબંધમાં પગલાંના પત્રકોની તપાસ હાથ ધરી આગામી બેઠક વખતે જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેવાનું જણાવી સમિતિએ તપાસ અધુરી રાખી હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**ઇન્ચાર્જ સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**